## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તું તારા હિસ્સાનું કરજે બાકી સઘળું ઈશ્વર કરશે.
શ્રધ્ધા પૂર્વક માથું ધરજે બાકી સઘળું ઈશ્વર કરશે.
- દિનેશ ડોંગરે

### પાથેય

- રમેશ ઠક્કર

## એક અચંબો

જે લોકો ઈશ્વર કે કોઈ અદ્રશ્ય શક્તિમાં અખૂટ વિશ્વાસ ધરાવે છે, એમની આસ્થા અને જીવનરસ આપણને ગમે છે..એ લોકો લીલાછમ રહી શકે છે..એમના જીવનમાં મહત્વના પ્રસંગોએ એમની હૂંડી શામળિયો સ્વીકારી લેતો હોય છે..સીધી લીટીમાં ના સમજાય કે ડહાપણથી ના માપી શકાય એવું ઘણું બધું એ લોકો અનુભવતા હોય છે..એમની એ અનુભૂતિ પણ ખોટી નથી હોતી..૫૦ ડિગ્રી તાપમાનવાળા વિસ્તારમાં પણ કેટલાક જીવો શ્વસે છે..ત્યાં પણ અમુક પ્રકારની વનરાજી કે તાજી કુંપળો પ્રગટતી રહે છે..શૂન્ય ડિગ્રીના શીતાગારમાં પણ જીવંત ચહલપહલ જોઈ શકાય છે..એક જીવ માટે જે ખોરાક ઝેર હોય એ બીજા જીવ માટે જીવવાનું સાધન હોય છે..તમે કડવો લીમડો આરોગતા ઉંટ કે ધતુરાનાં ડૂંડવાંને મજેદાર રીતે ખાતી બકરીને જોઈ હશે..ઘેરઘેર ફરી વાસી ખોરાક ખાતાં ગરીબ બાળકોને ફૂડ પોઈઝનીંગ થતું નથી..ફાઈવસ્ટાર હોટલમાં મોંઘીદાટ વાનગી આરોગનાર બિમાર પણ પડે છે..મૃત્યુ પામ્યાના દાખલા પણ છે..આ અચરજ કોને આભારી છે..?

સામાપક્ષે તર્ક કે બુધ્ધિ એ પણ એટલી જ મહત્વની બાબતો છે..બિમાર પડીએ તો દવા જ સારૂં કરી શકે..જગત ચોકકસ પ્રકારના વૈજ્ઞાનિક સત્યો ઉપર જ ચાલે છે..હમણાં એક વકતાએ બહુ સરસ વાત કરી હતી કે શંકરાચાર્ય કે વિવેકાનંદજેવી પ્રચંડ પ્રતિભાઓ ઘણી નાની ઉંમરે મૃત્યુ પામ્યા..જો એ વખતે આજના જેવી તબીબી સારવાર હોત તો એ અવશ્ય લાંબુ જીવ્યા હોત..શિતળાથી મોતને ભેટનાર લોકોને કોઈ પ્રાર્થના કે ઉપાસના ઉગારી શકતાં નહીં. પણ એડવર્ડ જેનર નામના વૈજ્ઞાનિકે જે રસી શોધી એણે આ રોગને નાબૂદ કર્યો..

સ્વામી સચ્ચિદાનંદ પોતાના અનુભવની વાત લખતાં કહે છે કે ‘બાય પાસ સર્જરી કરાવ્યા પછી હું બે દાયકા કરતાં વધારે સમયથી જીવી રહયો છું. જો આ સગવડ ના હોત તો હું ક્યારનોય આ દુનિયા છોડી ગયો હોત...આધ્યાત્મનો કોઈ શ્લોક કે સાધના મારા આયુષ્યની એક ક્ષણ પણ વધારે શકયાં ના હોત..’ વિજ્ઞાન અને બુધ્ધિ જીવનને વાસ્તવિક રીતે જુએ છે..એમાં વિશ્વાસ ધરાવનારને આપણે નાસ્તિક કહીએ છીએ...ચાર્વાક નામના વિદ્વાન આના પ્રણેતા ગણી શકાય..આપણી સંસ્કૃતિ ચાર્વાકને પણ ઋષી માને છે..!

કોઈક અદ્રશ્ય શકિત આપણા ઉપર નિયંત્રણ ધરાવે છે એ તો બુધ્ધિથી પણ અનુભવી શકાય છે..પરંતુ માણસ કેવળ ભાગ્યના ભરોંસે જીવી શકતો નથી..ગરમ વસ્તુ દઝાડે જ..ઝેરી ચીજો મોતનું કારણ બને..જીવવાનું ચાલકબળ બુધ્ધિ કે હુન્નર જ હોઈ શકે એ હકિકત છે. છતાં કોઈકની નિર્વ્યાજ લાગણી, પ્રેમ, સુષુપ્ત શકિતઓ, મધુર કંઠ... સંગીતની સુરાવલિઓ...વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ બુધ્ધિથી પર છે... રહસ્યમય છે... નેવું વરસનાં મારાં બા નામે બબીમા જિંદગીમાં અનેક અભાવો અને પારાવાર ગરીબીમાં જીવ્યાં છે... જગતની વૈભવી કહેવાય એવી કોઈ સુખસાહયબી એમણે જોઈ નથી..આમછતાં આટલી ઉંમરે એ સંપૂર્ણ તંદુરસ્ત છે...બ્લડપ્રેશર કે સુગર જેવી કોઈ બિમારી નથી. યાદશકિત અકબંધ છે. જે મળે એ બધાને આશીર્વાદ આપે છે. સહુનું ભલું ઈચ્છે છે..પારાવાર દુ:ખો વચ્ચે પણ એમની આ હકારાત્મકતા મને ચમત્કાર જ લાગે છે...! જગત અચરજોથી ભરપુર છે..હું અવિરતપણે આ લખી રહ્યો છું એ પણ મને તો અચંબા જેવું લાગે છે..!

# સિદ્ધુને વધારે સજા થવી જોઈતી હતી

**તંત્રીસ્થાનેથી...**

પંજાબના ‘વિદૂષક’ પૂર્વ ક્રિકેટર અને પૂર્વ સાંસદ તથા મંત્રી કે જેમને એમની હઠીલી માગણી મુજબ પ્રિયંકા ગાંધીએ તત્કાલીન કોંગ્રેસી મુખ્યમંત્રી અમરિંદરની નારાજગી વહોરીને પ્રદેસ પ્રમુખ બનાવ્યા હતા - એ હવે પટિયાલાની જેલના કેદી તરીકેની નવી ઓળખ પામ્યા છે. સિદ્ધુ પોતાની જાતને સુપરમેન સમજનારા વિકૃત ઈગોવાળા નેતા છે. એમને હર હંમેશ પોતાની જાતને જ કેન્દ્રમાં રાખીને બીજા બધા કરતાં ચડિયાતા હોવાનો ફાંકો રાખ્યો છે. બટકબોલા સરદારજી કયારેક ન બોલવા જેવું બોલી બેસે છે અને ન કહેવા જેવું કરી બેસે છે. મૂળે તો એ લાલકૃષ્ણ અડવાણી અને નરેન્દ્ર મોદીની રહેમ નજર હેઠળ અમૃતસર સંસદીય ક્ષેત્રની ટિકિટ પર ચૂંટાઈ ભાજપના સાંસદ બન્યા હતા. અમૃતસર બેઠક પરથી સતત ચૂંટાતાં કોંગ્રેસને વરિષ્ઠ નેતા પ્રો. રઘુનંદનલાલ ભાટિયાને હરાવીને એમણે પંજાબની હૃદયસ્થળી સમી સુવર્ણમંદિરની નગરીમાં ભગવો લહેરાવ્યો હતો. પરંતુ વિકૃત અહમ્ વાળી પ્રકૃતિને કારણે એ લાંબો વખત ભારતીય જનતા પાર્ટીમાં ટકી શક્યા નહોતા. એમણે ચંચળ સ્વભાવવશ કોંગ્રેસમાં એન્ટ્રી મારીને પંજાબના મુખ્યમંત્રી પદની અપેક્ષા સેવી હતી જે કયારેય પૂરી થઈ શકી નહીં. ઊલટાના એમના વાનરવેડા પાર્ટીને મોંઘા પડ્યા અને અમરિંદરસિંહ જેવા સિનિયર નેતાને અપમાનજનક સ્થિતિમાં પદ તથા પાર્ટી બેઉને રામ રામ કરી દેવા પડ્યા. સિદ્ધુને અમરિંદર સિંહે નખશિખ ઓળખી લીધા હતા અને એણે નિયંત્રણમાં રાખવાની હાઈકમાંડને એ ભલામણ પણ કરતા રહ્યા હતા, પરંતુ સિદ્ધુની વાક્ ચાતુરી અને ડંફાશથી અંજાયેલી કોંગ્રેસની પારિવારિક નેતાગીરીએ એમણે ઉલટાની તમામ સત્તા સાથે પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપીને એમના જ જૂથના ચરણજિત ચન્નીને મુખ્યમંત્રી બનાવ્યા પરંતુ. સિદ્ધુ તો પોતે જ મુખ્યમંત્રી બનવા માગતા હતા,એથી ચન્ની માટે પણ એ શિરોવેદના જ બની રહ્યા હતા. આખરે પંજાબમાં કોંગ્રેસનો કરુણ રકાસ થયો જેનું ‘શ્રેય’ નવજોત સિદ્ધુને જાય છે. સિદ્ધુ મીડિયા સાથે ઊંડા માનસશાસ્ત્રીય અભ્યાસ માટે સિદ્ધુ એક સંશોધન કરવાલાયક મનોવિકૃત પર્સનાલિટી છે. રાજકારણમાં એમ અંગત વ્યવહારમાં પણ એ હરહંમેશ પોતાની જાતને પ્રસ્થાપિત કરવા પ્રયત્નશીલ રહે છે. ૧૯૮૮ની સાલમાં બનેલી એક કાર પાર્કિંગ વેળાની ઘટના એના વ્યક્તિત્વના નકારાત્મક પાસાને ઉજાગર કરે છે. પાંસઠ વર્ષના વૃદ્ધ સાથે એ વાત વાતમાં મારામારી પર ઊતરી આવે છે. એને મુક્કા મારે છે જે પેલા વૃદ્ધના મૃત્યુમાં પરિણમે છે. આવી જઘન્ય ગુનાખોરી છતાં પોતાની સ્ટાર વેલ્યુને કારણે સિદ્ધુ અદાલતમાં નિર્દોષ ઠર્યા હતા, કમનસીબે બીજા દેશોમાં છે એવો ‘રોડ રેજ’ વિષયક કોઈ કડક કાનૂન આપણી સંહિતામાં નથી. એથી ‘એક્સિડેન્ટ’ કરનારા ડ્રાઈવરને મામૂલી દંડ કરીને છોડી દેવાય છે. સિદ્ધુ પાસે તો ક્રિકેટરને તરીકેનું મસ મોટું નામ હતું. દેખીતી રીતે નીચલી અદાલતે એને ‘સ્ટાર’ પ્રભાવ હેઠળ નિર્દોષ જાહેર કરી દીધો હતો. મૃતકની વિધવાએ હાઈકોર્ટમાં ઘા નાખી ત્યાં વળી એને ગુનેગાર ગણીને નામની સજા ફરમાવેયાલી જે પાછી સુપ્રીમ કોર્ટે રદ કરી દીધેલી. પરંતુ કવિએ કહ્યું છે એમ ‘ભગવાન કે ઘર દેર હે, અંધેર નહીં હે -’ એ ન્યાયે સિદ્ધુને જ કુબુદ્ધિ સૂઝી અને ૨૦૧૦ની સાલમાં એક ચેનલ સાથે વાત કરતાં એણે જાતે જ ગુનાની કબૂલાત કરી દીધી ! સામો માણસ ગાળાગાળી કરતો હોય, મારામારી કરવા ધસી આવતો હોય ત્યારે હું કોઈ ગૌતમ બુદ્ધ તો નહોતો કે એક ગાલ પર તમાચો મારે ત્યારે બીજો ગાલ ધરું ! (અહીં પણ સિદ્ધુનું અજ્ઞાન છતું થાય છે : આ વાત ઈસુ ખ્રિસ્તના ઉપદેશમાં આવે છે.) એટલે સિદ્ધુએ મુક્કા માર્યા અને પેલા વૃદ્ધનું મોત થઈ ગયું - એવું કબૂલનામું ખુદ એ જ બટકબોલા ક્રિકેટર - સ્ટાર પોલિટિશિયન અને સોશ્યિલ મીડિયા પર છવાઈ જવાની ધૂનમાં રાચતા સિદ્ધુએ આપી દીધું જે રિવ્યુ પીટિશન માટે ખપ લાગ્યું. એની સાંકેતિક સજા લેખે એક વર્ષ માટે એને પટિયાલા જેલમાં મૂકી દેવાયેલ છે. એ હજી ઘણાં હવાતિયાં મારશે અને અભિષેક મનુ સંઘવી જેવા સિનિયર ધારાશાસ્ત્રી મારફત પ્રિયંકા ગાંધી કદાચ એને જામીન પર અપાવી દેશે. જો કે આવા દુષ્ટ માણસોને તો એમના કુકર્મોની સજા મળવી જ જોઈએ, પણ અહીં તો વગના જ પગ ચાલે છે !

# પ્રતિબંધીત સ્વરૂપની ખેતીની જમીન અંગેનાં સુધારા




ગુજરાતમાં ૨૪ જેટલા જૂના પુરાણા અને નાબૂદ થયેલા મહેસૂલી ઈનામી કાયદાઓ હેઠળની જમીનો એન.એ. કરવાની થાય ત્યારે તે જૂની શરતની ગણવી કે નવી શરતની, એ સંદર્ભે વર્ષોથી પ્રવર્તતી અસમંજસતા દૂર કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં જ આ સંદર્ભે નવો જીઆર બહાર પાડવામાં આવશે.

જે ૨૪ જેટલા ઈનામી મહેસૂલી કાયદાઓ હતા, તેમાં ફાળવાયેલી જમીનો એન.એ. કરવાની થાય ત્યારે એ જમીન નવી કે જૂની શરતની ગણવા અંગે સરકારે આ સંદર્ભે વિસ્તૃત જીઆર સ્વરૂપે સૂચનાઓ બહાર પાડવા જઈ રહી છે. મહેસૂલ વિભાગનો હવાલો સંભાળતા કેબિનેટ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા સમિતિની રચના કરી સી.એલ. મીણા સમિતિનાં રિપોર્ટ બાદ કમિટિનાં સભ્યો અને મહેસૂલનાં અધિકારીઓની સંયુક્ત બેઠકમાં મહત્વનાં નિર્ણય લેવામાં આવેલા જેમાં ૯૫% જેટલી ભલામણો સ્વીકારતા તે લગત હવે નવા જીઆર તૈયાર થશે.

નવી શરતની જમીનોનાં ૨૪ જૂના કાયદા અંગેના સંખ્યાબંધ કેસો કાયદાનાં જુદા જુદા અર્થઘટનોને કારણે વર્ષોથી રેવન્યુ કોર્ટોમાં કેસો પેન્ડિંગ છે, જેનું હવે ઝડપથી નિવારણ થશે, એમ મનાય છે.

સરકાર જે વર્ષો જુના ૨૪ કાયદાઓ જેમાં (૧) મુંબઈ ભાગીદારી અને નરવાદારી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૪૯ (તા. ૧૦/૦૭/૧૯૫૮ સુધી સુધાર્યા મુજબ), (૨) મુંબઈ મલેકી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૪૯ (તા. ૦૧/૧૦/૧૯૫૭ સુધી સુધાર્યા મુજબ), (૩) મુંબઈ તાલુકદારી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૪૯ (તા.૧૫/૧૨/૧૯૭૬ સુધી સુધાર્યા મુજબ), (૪) પંચમહાલ મેવાસી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૪૯ (તા. ૦૧/૧૦/૧૦૫૭ સુધી સુધાર્યા મુજબ), (૫) મુંબઈ પરગણા અને કુલકર્ણી વતન(એબોલિશન) એક્ટ-૧૯૫૦ (તા. ૧૫/૦૧/૧૯૬૦ સુધી સુધાર્યા મુજબ), (૬) મુંબઈ વટવા વજીફદારી હક્ક એબોલિશન એક્ટ-૧૯૫૦ (તા. ૩૧/૦૮/૧૯૬૧ સુધી સુધાર્યા મુજબ), (૭) મુંબઈ જાત ઈનામી નાબૂદી એક્ટ-૧૯૫૨ (તા. ૧૫/૦૯/૧૯૫૯ સુધી સુધાર્યા મુજબ), (૮) મુંબઈ વિલીન પ્રદેશો (આંકડિયા ટેન્યોર એબોલિશન) એક્ટ-૧૯૫૩ (તા. ૧૦/૦૯/૧૯૫૭ સુધી સુધાર્યા મુજબ), (૯) મુંબઈ વિલીન પ્રદેશો (બરોડા મુલગીરાસ ટેન્યોર એબોલિશન) એક્ટ-૧૯૫૩, (૧૦) મુંબઈ વિલીન પ્રદેશો (બરોડા વતન એબોલિશન) એક્ટ-૧૯૫૩ (તા. ૧૫/૦૩/૧૯૫૯ સુધી સુધાર્યા મુજબ), (૧૧) મુંબઈ વિલીન પ્રદેશો મતાદારી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૫૩ (તા. ૩૧/૦૮/૧૯૬૩ સુધી સુધાર્યા મુજબ), (૧૨) મુંબઈ ઓખામંડળ સલામી ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૫૩ (તા. ૩૧/૦૮/૧૯૬૩ સુધી સુધાર્યા મુજબ), (૧૩) મુંબઈ વિલીન પ્રદેશો અને વિસ્તારો (જાગીર એબોલિશન) એક્ટ-૧૯૫૩ (તા. ૧૫/૦૨/૧૯૬૧ સુધી સુધાર્યા મુજબ), (૧૪) મુંબઈ સર્વિસ ઈનામ (સમાજ ઉપયોગી) એબોલિશન એક્ટ-૧૯૫૩, (૧૫) મુંબઈ વિલીન પ્રદેશો પરચૂરણ સ્વત્વાર્પણ નાબૂદી એક્ટ-૧૯૫૫ (તા. ૧૦/૦૩/૧૯૬૦ સુધી સુધાર્યા મુજબ), (૧૬) મુંબઈ ભીલનાયક ઈનામ એબોલિશન એક્ટ-૧૯૫૫ (તા. ૧૫/૦૬/૧૯૬૨ સુધી સુધાર્યા મુજબ), (૧૭) મુંબઈ કનિષ્ઠ ગામ વતન નાબૂદી એક્ટ-૧૯૫૮ (તા. ૧૫/૦૩/૧૯૬૩ સુધી સુધાર્યા મુજબ), (૧૮) મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) એબોલિશન એક્ટ-૧૯૫૮, (૧૯) મુંબઈ બંધી જમા, ઉધડ અને ઉગડિયા ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૫૯, (૨૦) મુંબઈ આંકડિયા ટેન્યોર (સૌરાષ્ટ્ર એરિયા) એબોલિશન એક્ટ-૧૯૫૯, (૨૧) મુંબઈ (સૌરાષ્ટ્ર એરિયા) અઘાટ ટેન્યોર અને ઈજારા એબોલિશન એક્ટ-૧૯૫૯, (૨૨) ગુજરાત પટેલ વતન નાબૂદી ધારો-૧૯૬૧, (૨૩) સાગબારા અને મેવાસી એસ્ટેટ(એબોલિશન ઓફ પ્રોપરાઈટરી રાઈટ્સ) રેગ્યુલેશન-૧૯૬૨, (૨૪) ગુજરાત સર્વાઈવિંગ એલિયેનેશન એબોલિશન એક્ટ-૧૯૬૩નો સમાવેશ થાય છે.

નવી શરતની જમીનોમાં શરતભંગનાં કારણે કબજા હક્ક ક્યારથી ગણવો, કેટલા વર્ષનો ગણવો તથા કબજો માલિકોને સુપ્રત થયે રેકર્ડમાં નોંધ થયેલ છે કે નહિ, તેમજ સરકાર જમીન થયા

**અનુસંધાન પાના નં. ૭ પર**

### દિન મહિમા

- વિશ્વ કાચબા દિવસ
- શિખધર્મ ગુર અમરદાસનો જન્મદિવસ

### આજનું ઔષધ

- ગોળ અથવા પાણીમાં પા (૧/૪) ચમચી મેથીનું ચૂર્ણ લેવાથી કબજીયાત મટે છે.

### ખડખડાટ

- ટીચર : સંજુ યમુના નદી કયાં વહે છે ?
  સંજુ : જમીન પર
  ટીચર : નકશામાં જણાવ કયાં વહે છે ?
  સંજુ : નકશામાં કેવી રીતે વહી શકે...
  નકશો પલળી જશે !!!

### આજનો વોટ્સએપ

- એક પળ એક દિવસને બદલી શકે છે એક દિવસ એક જીવન બદલી શકે છે અને એક જીવન આખી દુનિયા બદલી શકે છે.

# કુદરતી સૌંદર્યનું આકર્ષણ હંમેશા વ્યક્તિને પોતાના તરફ આકર્ષિત કરે છે

આ સૂર્યનાં કિરણનું તેજ,
ને ધરા ઉરનો હૂંફાળો હેજ;
કયાંક કોકિલનું અચાનક કૂજવું,
ને ડાળીઓનું ફૂલભારે ઝૂકવું આનન્દ છે !
આનન્દ છે! આ ધરતી ઉપર આનન્દ છે !
આ પ્રિયજનોનાં હાસ,
નિર્દોષ શિશુઓનાં રૂદન ઉલ્લાસ;
શ્રાન્ત તન કેરુંદિનાન્ત લેટવું,
ને વિરહ અન્તે સ્વજનનું ભેટવું આનન્દ છે !
આનન્દ છે! આ ધરતી ઉપર આનન્દ છે !

કુદરત એટલે કે પ્રકૃતિના સાનિધ્યમાં રહેવું એ દરેક માનવી માટે એક અદમ્ય આકર્ષણરૂપ હોય છે. ઉનાળાની આ કાળઝાળ ગરમી અને બાળકોના વેકેશનને માણવા લગભગ તમામ લોકો કુદરતને માણવા અને પોતાની આધુનિક વ્યસ્ત જીવનશૈલીથી દૂર થોડા સમય માટે નીકળી જ પડે છે. કુદરતી સૌંદર્યનું આકર્ષણ હંમેશા વ્યક્તિને પોતાના તરફ આકર્ષિત કરે છે. સાઉથમાં કેરલાના ઘેઘૂર વૃક્ષો અને ચારેબાજુ છવાયેલી લીલોતરી હોય કે નોર્થમાં પથરાયેલી બરફની ચાદર વેકેશન પડતાં જ સૌ કોઈ પોતપોતાની અનુકૂળતા અનુસાર કોઈને કોઈ રીતે કુદરતના ખોળે જઈને પોતાની જાતને refresh અને recharge કરવાનો સમય કાઢી જ લે છે. આ એક નાનકડાં બ્રેકથી તે ફરીથી પોતાના વ્યસ્ત જીવન અને ઝંઝાવાતો સામે લડવાનું જોમ પામી લે છે. કવિ ન્હાનાલાલ દવે લખે છે તેમ,

“પૃથ્વી ખેડી નવ ખંડની રે,
ખેડ્યાં સાગરનાં નીર;
ખેડ્યા કંઈ આભ ઘુમ્મટો હવે
ખેડે કાળને નરવીર.”




આજનો યુગ એ ગળાકાપ હરિફાઈ અને સ્પર્ધાનો યુગ છે. સૌ કોઈ હોંશિયાર, કાબેલ અને સ્માર્ટ હોય છે. ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી પોતાની જાતને વિશ્વમાં બનતી નાનામાં નાની લેટેસ્ટ માહિતીથી પોતાની જાતને અપડેટ રાખે છે. પણ પોતાના મનમાં ચાલતી ગડમથલ કે પોતાની તકલીફો વિષે કોઈ પૂછપરછ કરે તે તેને મંજૂર નથી. સતત સંઘર્ષ અને અંગત ફફડાટથી ઘેરાયેલા એના અસ્તિત્વને એ બાહ્ય આડંબરોથી છુપાવી દે છે -ઢાંકી રાખે છે. વૉટ્સઅપ અને ફેસબુક પર સ્માઈલ અને મેક-અપ દ્વારા એ પોતાના અંગત વ્યથિત વ્યાકુળ ચહેરાને સંતાડીને રાખે છે. પણ કુદરતના ખોળે જઈને તે પળવાર માટે આ બધું જ વિસારી દે છે. તેની વ્યસ્તતા, તેની વ્યથા કે તેની તકલીફો પળવાર માટે જાણે કયાંક અદશ્ય થઈ જતા હોય તેમ લાગે છે. માટે જ તેને કુદરતનું સાંનિધ ગમે છે, તેનાથી તે ભાવવિભોર બને છે. કવિ જયંત પાઠક લખે છે તેમ

વૃક્ષો મને ગમે છે.
અરણ્યમાં અડાબીડ ઊભેલાં
એકબીજાને ખભે હાથ નાખી
પવનના પ્રવચનને ડોક હલાવી ચગાવતાં વૃક્ષો.
ખેતર-શેઢે ખડાં
શહીદ થવા ધીરવીર રૂખડાં.
વૃક્ષો, મારા વનવાસીના ભેરુ.

અને વૃક્ષો સાથેનું તાદાત્મય, જોડાણ વર્ણવતા આગળની પંક્તિમાં કવિ લખે છે કે:

“બા કહેતી :
ગયા જનમમાં ઝાડ હતો કે શું?!
કદાચ આજેય છું.
ન હોત તો -
પગ મારા ટટાર
પૃથ્વી રોપ્યા કયાંથી હોત?!
હોત કયાંથી હાથ
શાખાઓ જેમ ભીડતાં બાથ?!
ઊડતાં કયાંથી હોત
મારી આંખોમાંથી પલકારાનાં પાન?!
સૂર્યધારાને જટાઘટામાં ઝીલવાની
આંગળીઓને પાંખડીઓ થૈ ખીલવાની
વાસના કયાંથી હોત?!
વૃક્ષો મને ગમે છે
વૃક્ષો મારા ભેરુ
વૃક્ષો હું...”

વૃક્ષો ભેરુ લાગે અને ખુદ વૃક્ષ હોવાની સંવેદનાને મનુષ્ય પામે તે મનુષ્ય જીવનના વિવિધ તબક્કાનો એક ભાગ માત્ર છે. બાળપણમાં જે બાળસહજ કુતૂહલતા હોય, યુવાનીમાં ઝંઝાવાતો સામે લડવાનું અદમ્ય સાહસ હોય તેમ વૃદ્ધ થઈ જતાં વૃક્ષ જેવી સ્થિરતા પ્રાપ્ત થતી હોય છે. અત્યાર સુધી પોતાના મદમાં મસ્ત બનેલ વ્યક્તિ, અહંકારમાં રાચતા મનુષ્યને વાસ્તવિકતાનો અહેસાસ થાય છે. આ ધરતી પર પોતે એક યાત્રીની જેમ આવ્યો છે અને પ્રવાસ પૂરો થતાં જ તેને પર ઈશ્વર પાસે પરત ફરવું જ રહ્યું એ બાબતનો અહેસાસ તેને થાય છે. જે રીતે વેકેશનમાં ફરવા જવી વેળાએ આપણે રોમાંચિત અને હર્ષોલ્લાસથી ભરપૂર હોઈએ છીએ તે જ અનુસાર જીવનની યાત્રાના આરંભે એ જ પ્રકારનો આનંદ અનુભવાતો હોય છે. પરંતુ, થોડા દિવસોના આરામ, બ્રેક પછી જયારે પરત ફરવાની ક્ષણ આવે ત્યારે આપણે અત્યંત સહજતાથી આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લઈએ છીએ પરંતુ, જીવનયાત્રાના અંત સમયને કે જીવનના સમાપન અને પૂર્ણાહૂતિના સમયે આ સનાતન સત્ય સ્વરુપ વાસ્તવિકતાને સ્વીકારવી આપણા માટે ખૂબ અઘરું અને પડકારજનક હોય છે. માટે જ તે સમયે જાણે આ ધીંગી ધરતી મશ્કરી કરતી વિરાટ અને સ્માર્ટએવા વ્યક્તિને વાસ્તવિકતાનું ભાન કરાવી દે છે:

કવિ કરસનદાસ માણેક લખે છે તેમ :

“કોની છે આ ધીંગી ધરતી?
જીવનમાં અમૃતરસ ભરતી,
કોની છે આ ધીંગી ધરતી?
કેંક શ્રીમતો ને સરદારો
ઊગ્યા - આથમિયા દરબારો
ચક્રવર્તીઓ થયા ચાલતા
બોલાવી ઘડીભર દેકારો,
ધરા તણી ધરતી થઈને ફરતી
લાંબા સૂતી સૌ સોડ તાણીને
મહાકાળનો થઈને ચારો!
ને એ સૌની મશ્કરી કરતી
હસી રહી આજે એ ધરતી !
એ જ લહેરથી વિશ્વ વિહરતી -
કોની છે આ ધીંગી ધરતી?”

- કરસનદાસ માણેક

- nehalgadhavi101@gmail.com

# માફી આપવી : ઈદી અમીનને માફ કરનાર વાસંતી મકવાણા વિશે તમે જાણો છો?




ક્ષમાભાવના મોટામાં મોટી ભાવના છે. કોઈને માફ કરવા, ક્ષમા આપવી સહેજે સહેલી વાત નથી. માફી આપવી એ મોટામાં મોટી બહાદુરી છે. માફ કરવા એ અશક્તિ કે સહનશક્તિની બાબત નથી. એ પ્રચંડ શક્તિની બાબત છે. જેના કાળજામાં હિંમત હોય અને હૃદયમાં સંવેદના અને કરુણા હોય એ વ્યક્તિ જ માફી આપી શકતી હોય છે.

હમણાં કોર્ટે ચૂકાદો આપીને સુરતમાં ગળું કાપીને ગ્રીષ્મા નામની યુવતિની હત્યા કરનાર ફેનિલને ફાંસીની સજા જાહેર કરી. ગ્રીષ્માનાં માતા વારંવાર કહેતાં હતાં કે મારી દીકરીના હત્યારાને ફાંસી જ થવી જોઈએ. તેમનો પરિવાર અને સમાજ પણ આ વાત સાથે સંપૂર્ણ સહમત હતો. જે નિર્મમ અને અમાનવીય રીતે આ દુર્ઘટના બની હતી તે જોતાં ચોક્કસ કોઈ પણ વ્યક્તિને એવું મન થાય કે, હત્યારાને કડકમાં કડક સજા થવી જોઈએ. કેટલાક અપરાધ એવા હોય છે કે, માફ કરવાનું મન જ ના થાય. હત્યારાને રીબાવી રીબાવીને મારવાની ઈચ્છા થાય. એનાથી દાખલો પણ બેસે. બીજા આવો ગુનો કરતાં અટકે.

આ એક વિચારસરણી છે. બીજી વિચારસરણી એવી છે કે, માફ કરો. ગમે તેવી ભૂલ થઈ હોય, ક્ષમા આપો. વેરથી વેર શમતું નથી. વેરથી વેર વધે છે. વેર એ એક પ્રકારનું ઝેર છે. એ ઝેર આજે નહીં તો કાલે સમાજને નડે જ છે. કવિ કલાપીએ કહ્યું છે કે,

હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
આ લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.
પાપી સામે નથી લડવાનું, પાપીઓ સામે લડવાનું છે.

વર્ષો પહેલાં સદવિચાર પરિવારે ક્ષમા માટેની એક ઝુંબેશ કરી હતી. એક ભાઈએ કોઈની હત્યા કરેલી. તેને ફાંસી થઈ હતી. સદવિચાર પરિવારે હરિભાઈ પંચાલના નેજા હેઠળ જેની હત્યા થઈ હતી તેનાં ધર્મપત્નીને હત્યારાને માફી કરવા માટે સમજાવ્યાં હતાં. આ ક્ષમા માટેની ઝુંબેશ હતી. મહાત્મા ગાંધીના હત્યારા નથુરામ ગોડસેને ફાંસી આપવાનો તેમના દીકરા મણિલાલે વિરોધ કર્યો હતો. ગાંધીજીને પોતાને હત્યારાને માફ કરાયો હોત તો ગમ્યું હોત. આવું અનેકવાર બનતું હોય છે. એક ઓછો જાણીતો કિસ્સો વાસંતી મકવાણાનો છે. જાણીએ.

વર્ષો પહેલાં પોરબંદરના સાગરકાંઠાના એક નાનકડા ગામનો દલિત યુવક એક કંપનીના મજૂર તરીકે સામાન ઉંચકવા જહાજમાં બેસી મજૂર તરીકે આફ્રિકા ગયો હતો. એ યુગાન્ડામાં રોકાઈ ગયો. પોતાની પત્નીને પણ તેણે યુગાન્ડા બોલાવી લીધી. એ દલિત દંપતિને જે બાળક જન્મ્યું તે યુગાન્ડનું નાગરિક બન્યું. થોડું ભણીને એ બાળક-પુત્ર દલિત સમાજમાંની એક કન્યાને પરણ્યો. તેને બે ત્રણ બાળકો થયાં.

૧૯૭૨માં યુગાન્ડામાં ક્રૂર સરમુખત્યાર ઈદી અમીનનું શાસન આવ્યું. તેણે રાતોરાત આફ્રિકન સિવાયની તમામ પ્રજાની માલમિલકતોને લૂંટી લીધી. ચોમેર હત્યાચાર હતો. બિનઆફ્રિકન લોકો પહેરેલા કપડે ભાગ્યા. એમાં ભારતીય, પાકિસ્તાની અને બાંગ્લાદેશી લોકો હતા. યુગાન્ડાના હબસી લશ્કરે એશિયનો પર પારાવાર અત્યાચારો કર્યા હતા. કેટલાક ભારતીયો ભારતમાં આવ્યા તો કેટલાકને ઈંગ્લેન્ડે નિરાશ્રિતો તરીકે સ્વીકારીને કેમ્પમાં રાખ્યા.

પેલું દલિત દંપતી કુમળી વયની દીકરી વાસંતી મકવાણા સાથે રેફ્યૂજી કેમ્પમાં રહી. બ્રિટિશ સરકારે તેમને સાચવ્યા. યુરોપિયન મિશનરીઓની મદદથી વિસ્થાપિત શરણાગતિઓને સારું જીવન જીવવાની સગવડ આપવામાં આવી. પરિવારના નાના બાળકોને જુદી શાળાઓ અને બિમાર વૃદ્ધો માટે અલગ હોસ્પિટલોની વ્યવસ્થા કરવામાં આવી.

કાળનું ચક્ર ફર્યું. વર્ષો પછી ઈદી અમીનના સરમુખત્યાર શાસનનો કરુણ અંત આવ્યો. કર્મો કોઈને છોડતાં નથી. ઈદી અમીન કિડનીની જીવલેણ બિમારીમાં સપડાયો. સાઉદી અરેબિયાની અદ્યતન હોસ્પિટલમાં વીઆઈપી પેશન્ટ તરીકે તે દાખલ થયો. તેને બચાવવા ખૂબ રૂપિયા ખર્ચાયા. શોધ કરાઈ કે વિશ્વમાં જે સર્વોત્તમ કિડની સ્પેશ્યાલિસ્ટ હોય તેને તાત્કાલિક બોલાવો.

વિશ્વની શ્રેષ્ઠ મહિલા કિડની સ્પેશ્યાલિસ્ટ એટલે વાસંતી મકવાણા. કોણ આ વાસંતી મકવાણા ? ઈદી અમીને સત્તાના મદમાં જે ૭૦ હજાર પરિવારોને તગેડી મૂક્યા હતા તેમાંના એક દલિત પરિવારની બાર વર્ષની ઉંમરે યુગાન્ડામાંથી કાઢી મૂકાયેલી દલિત દીકરી. એ ઈંગ્લેન્ડમાં ભણી અને ડૉક્ટર બની. વધુ ભણવા કેનેડા ગઈ. ત્યાં સેટ થઈ. તેણે સાઉદી અરેબિયાની વિખ્યાત હોસ્પિટલમાં આવીને તાબડતોબ ઈદી અમીનનું અતિ જોખમી હિમોડાયાલિસિસ કર્યું. તેમને વધુ સારવાર માટે કેનેડાની અદ્યતન હોસ્પિટલમાં શિફ્ટ કર્યા. કરોડો રૂપિયા ફી થાય, પરંતુ એક પણ રૂપિયો લીધા વિના વાસંતી મકવાણાએ તેની શ્રેષ્ઠ સારવાર કરી.

થોડા સાજા થયા પછી ઈદી અમીને વાસંતી મકવાણાનો આભાર માન્યો. બે હાથ જોડીને કહ્યું કે તમારા કારણે જ હું નવા શ્વાસ લઈ શકું છું. તમારી ફી લો. વાસંતી મકવાણા એ સામે બે હાથ જોડીને કહ્યું કે, જે વ્યક્તિએ સત્તાના મદ અને ગુમાનમાં બહેંકી જઈને મારાં માતા-પિતાને અન્ન-પાણી વગર સરહદ પર ભટકતા કર્યા હતા. તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં હતાં. જો તમને એ બાબતનો પસ્તાવો થાય અને તમે માફી માગો એ જ મારી ફી. મારાં મા-બાપ અને દાદા-દાદી તો આ આઘાતમાં જ સમય જતાં મૃત્યુ પામ્યા હતા. તેઓનો આત્મા તમને માફ કરશે કે નહીં એની મને ખબર નથી, પરંતુ હું ભારતની ગુજરાતની સુદામાપુરી, પોરબંદરની છું. પોરબંદર એટલે મહાત્મા ગાંધીની જન્મભૂમિ. હું એ ધરતીનું લોહી છું. મેં તમને સાચા દિલથી માફ કરી દીધા છે. મેં તો એક લાચાર અને જીવલેણ રોગથી પીડિત દર્દીની સેવા કર્યાનું પૂણ્ય મેળવ્યું છે. હું બદલાની વેરભાવનામાં માનતી નથી. કારણ કે, મેં હમણા જ બે વર્ષથી ભારતીય હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો છે. ભારતીય સંસ્કૃતિ કહે છે કે, કર્મો કોઈને છોડતાં નથી. તમને ખોટું લાગે તો માફ કરશો, પરંતુ અત્યારે તમે જે પીડા અનુભવી રહ્યા છો તેનું કારણ તમારાં કર્મો છે.

વાસંતીબહેનની આ વાત સાંભળીને વિશ્વનો એ અતિ ભયંકર ક્રૂર અત્યાચારી શાસક ધ્રૂસકે ને ધ્રૂસકે પોકે પોકે રોઈ પડ્યો.

તો આ છે ક્ષમાભાવનાનું એક હૃદયસ્પર્શી પ્રકરણ

**છાંયડો:**
‘ક્ષમા વીરસ્ય ભૂષણમ્’